# બેન્ક હડતાળના પગલે ભાવનગરમાં કરોડો રૂપિયાનું ટર્ન ઓવર ઠપ્પ રહ્યું

**ફાઈવ ડે વર્કિંગની માગ સાથે યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયનના આહવાનના પગલે ભાવનગરના બેંકના કર્મચારીઓ દેશવ્યાપી હડતાળમાં જોડાયા**



તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૨૮

ગુજરાત બેંક વર્કર્સ યુનિયન દ્વારા મંગળવારે દેશવ્યાપી બેંક હડતાળની જાહેરાત કરવામાં આવીહતી જેના ભાગરૂપે નીલમબાગ ખાતે આવેલ બેંક ખાતે વિવિધ માંગણીઓ સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા. બેંક કર્મચારીઓ દ્વારા વિવિધ માંગણીઓ કરવામાં આવી છે જેવી કે, બેંક કર્મચારીઓના લાંબા સમયથી પડતર એવા અઠવાડિયામાં પાંચ દિવસનું કામકાજ લાગુ કરવાની માગ સાથે આ આંદોલન છેડવામાં આવ્યું છે. દરમિયાનમાં મીની વેકેશન બાદ મંગળવારથી ખુલતા દિવસે જ હડતાલ કરવાથી નાણાકીય ટર્ન ઓવરને ઘેરી અસર થઈ હતી, એક અંદાજ મુજબ ભાવનગરમાં કરોડો રૂપિયાનું ટર્ન ઓવર ઠપ્પ રહ્યું હતું.

આ આંદોલનમાં ગુજરાતભરના અંદાજે ૧૫,૦૦૦ કર્મચારીઓ અને અધિકારીઓ જેમાં સૌરાષ્ટ્ર-કચ્છના ૫,૫૦૦ થી વધુ બેંકર્સ સમલે થયા હતા, યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન (UFBU) ના નેજા હેઠળ જાહેર અને ખાનગી ક્ષેત્રની નવ યુનિયનોનું સમર્થન મળ્યુ હતું.નિલમબાગ ખાતે અંદાજે ૩૦૦થી વધુ બેંક કર્મચારીઓ એકઠા થયા હતા અને સૂત્રોચ્ચાર દ્વારા પોતાનો વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

# નાયબ મામલતદારોની બદલીમાં ભાવનગરમાંથી ૩ ગયા, ૬ આવ્યા : મહેસૂલ વિભાગે બદલીનો ગંજીપો ચીપ્યો

**બદલી પામેલા કર્મીઓએ સત્વરે હાજર થવા હુકમ, રજુઆત કે અપીલ માન્ય નહિ રખાય**

ભાવનગર,તા.૨૮

ગુજરાત રાજ્યના મહેસુલ વિભાગ દ્વારા રાજયભરના ૧૪૫ નાયબ મામલતદારોની જિલ્લા ફેરબદલીનો હુકમ કરવામાં આવ્યો છે. જેમાં ભાવનગર જિલ્લામાંથી અન્ય જિલ્લામાં ત્રણ અને અન્ય જિલ્લામાંથી ભાવનગર જિલ્લામાં છ નાયબ મામલતદારની બદલી કરવામાં આવી છે. મહેસુલ વિભાગ હસ્તકના ભાવનગર જિલ્લામાં ફરજ બજાવતા નાયબ મામલતદાર બી.એમ.ચુડાસમાની બોટાદ, એમ.એન.ભટ્ટ અને સહદેવસિંહ વાળાની આણંદ બદલી કરવામાં આવી છે જયારે અમરેલી જિલ્લામાં ફરજ બજાવતા મનહર પરમાર, કરણસિંહ પરમાર, મહેબૂબખા સુખ, યશપાલસિંહ ચુડાસમા અને નીરવ પંડ્યાની તેમજ વડોદરા જિલ્લામાં ફરજ બજાવતા નાયબ મામલતદાર પ્રશાંત દવેની ભાવનગર ખાતે બદલી કરાઈ છે. સરકારી હુકમમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ ફેરબદલીઓ વહીવટી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે અને સંબંધીત કર્મચારીઓને નિર્ધારિત સમયમર્યાદામાં નવા જિલ્લાઓમાં હાજર થવાનું રહેશે. કર્મચારીઓ દ્વારા કોઈપણ પ્રકારની રજૂઆત કે અપીલ માન્ય રહેશે નહી તેવું પણ જણાવાયું છે.

# ભાવનગર જિલ્લામાં બે અકસ્માત બેના મોત, ત્રણને ગંભીર ઈજા

ભાવનગર,તા.૨૮

ભાવનગર જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસ દરમિયાન જુદા જુદા બે ગંભીર અકસ્માતોની ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં અજાણ્યા કાર ચાલકોએ અકસ્માત કરતા બે લોકોના કરૂણ મોત નિપજ્યા છે.

ખેડા જિલ્લાના માતર ગામેથી અમિતકુમાર બુધાભાઈ રાવળ સહિત ૬૦ જેટલા પદયાત્રીઓ સંઘમાં માતર ગામેથી રાજપરા ખોડિયાર મંદિરે ચાલીને આવ્યા હતા અને પરત ગામ તરફ જતા હતા. જે દરમિયાન નારી ગામ પાસે કાર ચાલક GJ 07 DF 1471ના ચાલકે અમિતકુમાર રાવળ, અરવિંદભાઈ ભીખાભાઈ પરમાર અને વિપુલભાઈ વિજયભાઈ પરમાર સાથે ગમખ્વાર અકસ્માત કરતા અરવિંદભાઈનું સારવાર દરમ્યાન મોત થયું હતું. જેની વરતેજ પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. બીજા બનાવમાં મહુવા ભાવનગર નેશનલ હાઈવે ઉપર અજાણ્યા કાર ચાલકે લોંગીયા ગામના વાઘજીભાઈ બારૈયાના બાઈક સાથે ગમખ્વાર અકસ્માત કરતા વાઘજીભાઈનું મોત નિપજતા પરિવારમાં ભારે આઘાત છવાયો હતો. જે મામલે મહુવા રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

# ભાવનગર સાયકલ ક્લબ દ્વારા સાળંગપુરની સાયકલ યાત્રા યોજાશે

**આરોગ્યદાયક અને ધાર્મિક યાત્રામાં જોડાવા કરાઈ અપીલ**


ભાવનગર,તા.૨૮

ભાવનગર સાયકલ ક્લબ દ્વારા ભાવનગરથી સાળંગપુર સુધીની એક દિવસીય સાયકલ યાત્રાનું આયોજન કરાયું છે. તા. ૦૮ને રવિવારના રોજ સવારે ૫ વાગ્યે ભાવનગરથી પ્રારંભ થશે અને અંદાજિત રાત્રિના ૮ વાગ્યે ભાવનગર પરત ફરી પૂર્ણ થશે.

આ યાત્રામાં ભાવનગરના તમામ સાયકલિસ્ટો ભાગ લઈ શકશે. સાયકલિસ્ટોની સુરક્ષા અને સુવિધા માટે સપોર્ટ વાહન, મેડિકલ કીટ સહિતની જરૂરી તમામ વ્યવસ્થાઓ ક્લબ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેથી તમામ ભાગ લેનારને પૂરતો બેક સપોર્ટ મળી રહે. યાત્રા દરમિયાન સવારે આશરે ૧૦:૩૦ વાગ્યે સાળંગપુર પહોંચીને દાદાના દર્શન કરવામાં આવશે તેમજ મંદિર ખાતે પ્રસાદ લેવામાં આવશે. ત્યારબાદ થોડો વિરામ લઈને બપોરે ૦૨:૩૦ વાગ્યે ભાવનગર પરત ફરવાની યાત્રા શરૂ કરવામાં આવશે, આ રાઈડ અંદાજિત રાત્રિના ૦૮:૦૦ વાગ્યે પૂર્ણ થશે.ભાવનગર સાયકલ ક્લબ દ્વારા ભાવનગરના તમામ સાયકલ પ્રેમીઓને આ આરોગ્યદાયક તથા ધાર્મિક યાત્રામાં જોડાવા અપીલ કરવામાં આવી છે. યાત્રામાં જોડાવા માટે રસ ધરાવતા સાયકલિસ્ટો મોબાઈલ નંબર ૭૪૮૫૯૩૧૭૧૭ પર સંપર્ક કરી શકે છે.

# સાયલાની પ્રસિદ્ધ લાલજી મહારાજની જગ્યાની મોરારીબાપુ દ્વારા વંદના કરાશે

**રવિવારે સેંજલધામ ખાતે સૌરાષ્ટ્ર કચ્છના સંતો મહંતોની હાજરીમાં ધ્યાનસ્વામીબાપા એવોર્ડ અર્પણ થશે**







ભાવનગર,તા.૨૮

સૌરાષ્ટ્ર–ગુજરાતની દેહાણ જગ્યાઓ ધર્મની, સમાજની અનન્ય સેવા કરતી આવી છે. "જ્યાં ટુકડો, ત્યાં હરિ ઢુકડો" ના સૂત્રને ભેદભાવ વિના ચરિતાર્થ કર્યું છે. વિખરાતા સમાજને રોટલા થી જોડ્યો છે... અભાવગ્રસ્તોના હામી થઈને આંસુ લૂછ્યા છે. સાંપ્રત સમયમાં પણ વિવિધ સેવાઓ દ્વારા ઝૂંપડીઓમાં અજવાળા પાથર્યા છે. આવી જગ્યાઓની એવોર્ડ અર્પણ કરીને તેમની વંદના કરવાનો ઉપક્રમ પ્રતિ વર્ષની જેમ માઘપૂર્ણિમાના દિવસે સેંજળ ધામ (તા.સાવરકુંડલા, જી, અમરેલી) ખાતે પૂ. મોરારીબાપુની પ્રેરણા અને માર્ગદર્શનમાં વિનમ્ર ભાવે રચાયો છે.

આગામી તા ૧ ફેબ્રુઆરીને રવિવારના રોજ વર્ષ ૨૦૨૬ના વર્ષનો અને સળંગ ૧૬મો "ધ્યાનસ્વામીબાપા એવોર્ડ ૨૦૨૬" સૌરાષ્ટ્રની પ્રસિદ્ધ પૂ લાલજી મહારાજની જગ્યા, ભગતનું ગામ સાયલાને અર્પણ કરીને વંદના કરવામાં આવશે. આ જગ્યાના મહંત, મહામંડલેશ્વર દુર્ગાદાસજી ગુરુ તુલસીદાસજી મહારાજ આ એવોર્ડ/વંદના સ્વીકારશે. એવોર્ડ અર્પણ સમારંભ આગામી તા.૧ ને રવિવારે સવારે ૯.૩૦ કલાકે શરૂ થશે. પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ અનેક જગ્યાઓના મહંતો, સંતો ઉપસ્થિત રહી પ્રસંગની ગરિમા વધારશે. ઐતિહાસિકતાના ક્રમમાં સને ૨૦૧૧ ની સાલથી દર વર્ષે ધ્યાનસ્વામીબાપા એવોર્ડ અર્પણ કરીને વંદના કરવામાં આવે છે.

નિમ્બરકચાર્ય હરિવ્યાસજી મહારાજના શિષ્ય પૂ.ધ્યાનસ્વામીએ વ્રજમાંથી વિચરણ કરીને વર્ષો પહેલા સેંજળ ગામને પોતાની સાધના ભૂમિ બનાવી હતી. આજે ત્યાં તેમની "ચેતન સમાધિ" છે. તેઓ મોરારીબાપુની ભક્તિ પરંપરાના મૂળ પુરુષ છે. તેમના અધિકારી શિષ્ય પૂ .જીવનદાસજીના વંશમાં મોરારીબાપુનો જન્મ થયો. એ મૂળ પુરુષના પુણ્યસ્મરણ સાથે આ એવોર્ડનું નામ જોડવામાં આવ્યું છે.

**મોરારીબાપુ દ્વારા વૈષ્ણવ સાધુ સમાજની ૩૪ દીકરીઓનો સમૂહ લગ્ન સમારોહ યોજાશે**

પ્રતિ વર્ષ મહા મહિનાની પૂનમના રોજ ગુજરાતના વૈષ્ણવ સાધુ સમાજની દીકરીઓનો સમૂહ લગ્ન સમારોહ પૂ.મોરારીબાપુ દ્વારા યોજવામાં આવે છે. જેમાં આગામી તા.૧ને રવિવારે વૈષ્ણવ સાધુ સમાજની ૩૪ અને સેંજળ ગામની ૧ દીકરીના સમૂહ લગ્ન યોજાશે.દર વર્ષે નિયમિત રીતે યોજાતા આ સમૂહ લગ્ન અવસરનું ૨૩ મુ વર્ષ છે.

# જૈનાચાર્ય વિજય રાજહંસસૂરિ મહારાજે ભાજપ કાર્યાલયે પધરામણી કરી આશીર્વચન આપ્યા

ભાવનગર શહેર ભાજપ કાર્યાલય ખાતે ૨૭ જાન્યુઆરીના રોજ પ. પૂ. આચાર્ય ભગવંત વિજય રાજહંસસૂરિ મહારાજે પધરામણી કરી હતી. આ પ્રસંગે આચાર્ય ભગવંતે શહેર અધ્યક્ષ કુણાલભાઈ કે. શાહ, મેયર ભરતભાઈ બારડ, મહાનગરપાલિકાના પદાધિકારીઓ, શિક્ષણ સમિતિના સદસ્યો તેમજ પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ પણ આશીર્વાદ મેળવ્યા હતા.



# બુધેલના ગંગમૈયા તીર્થક્ષેત્રનો આજે દ્વિતિય પાટોત્સવ

**અભિષેક, પૂજન, યજ્ઞ યોજાયા સાંજે વિરાટ હિન્દુ ધર્મસભા સહિતનું આયોજન**

ભાવનગર,તા.૨૮

બુધેલના પ્રસિદ્ધ ગંગામૈયા તીર્થક્ષેત્ર-રામજી મંદિરનો દ્વિતીય પાટોત્સવ આજે મહાસુદ ૧૦ને બુધવાર, તા.૨૮ જાન્યુઆરીના છે. આ પ્રસંગે અભિષેક, અન્નકૂટ, મહાઆરતી યોજાયેલ જ્યારેસાંજે ધર્મસભા સહિતનું આયોજન કરાયું છે.

અયોધ્યાના રામ મંદિર સાથે બુધેલમાં નવી જગ્યાએ નૂતન રામજી મંદિર - ગંગામૈયા તીર્થક્ષેત્ર માટે ખાતમુહુર્ત કરાયું હતું. જ્યારે અયોધ્યા બાદ બુધેલમાં પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયેલ જેને બે વર્ષ પૂર્ણ થતા આજે બુધવારે દ્વિતીય પાટોત્સવની ગંગમૈયા તીર્થક્ષેત્ર પરિવાર દ્વારા ભાવભેર ઉજવણી કરાઈ રહી છે.

આ પ્રસંગે સાંજે ૪થી ૬ કલાક સુધી વિરાટ હિન્દુ ધર્મસભા યોજાશે જેમાં પૂ. સાધુ, સંતો અને મહંતો સંબોધન કરશે. બાદમા સાંજે ૬ કલાકથી મહાપ્રસાદ વિતરણ રાખેલ છે. આજુબાજુના ગ્રામજનો તેમજ ધર્મપ્રેમી લોકોને પાટોત્સવમાં સહભાગી થવા મહંત ધર્મદાસ બાપુ એવમ ગંગામૈયા તીર્થક્ષેત્ર સેવક સમુદાય બુધેલ તરફથી જાહેર નિમંત્રણ અપાયું છે.

# જિલ્લામાં શાળા સલામતી સપ્તાહનો પ્રારંભ

**વિદ્યાર્થીઓને પૂર, વાવાઝોડું, આગ, ભૂકંપ સહિત વિવિધ આપત્તિઓ સમયે કરવાના અને ન કરવાના ઉપાયો વિશે માર્ગદર્શન અપાશે**

ભાવનગર,તા.૨૮

ભાવનગર જિલ્લામાં તા. ૨૭ થી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (GSDMA), ગાંધીનગર તથા જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર, કલેક્ટર કચેરી ભાવનગર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી કચેરીના સંયુક્ત આયોજન હેઠળ સરકારી પ્રાથમિક શાળાઓમાં "શાળા સલામતી સપ્તાહ–૨૦૨૬"ની ઉજવણી શરૂ થઈ છે.

આ સપ્તાહ દરમિયાન જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને પૂર, વાવાઝોડું, આગ, ભૂકંપ સહિત વિવિધ આપત્તિઓ સમયે કરવાના અને ન કરવાના ઉપાયો વિશે માર્ગદર્શન આપવામાં આવશે. વિવિધ પ્રાયોગિક પ્રવૃત્તિઓ, માર્ગદર્શક વ્યાખ્યાનો અને જીવંત પ્રદર્શન દ્વારા બાળકોમાં આપત્તિ સમયે સુરક્ષિત વર્તન અંગે જાગૃતિ વિકસાવવામાં આવશે.

આ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાની અંદાજે ૭૦ જેટલી શાળાઓમાં ફાયર વિભાગ, ૧૦૮ ઈમર્જન્સી સેવા, આર.ટી.ઓ. વિભાગ, રેડક્રોસ સોસાયટી તેમજ અન્ય સંસ્થાઓના સહકારથી તાલીમ અને ડેમોનું આયોજન કરવામાં આવ્યું છે, જેથી વિદ્યાર્થીઓ આપત્તિ સમયે તાત્કાલિક અને યોગ્ય પ્રતિસાદ આપી શકે.

# માહી ડેરીમાં ૭૭માં પ્રજાસત્તાક પર્વની કરાઈ ઉમંગભેર ઉજવણી










રાજકોટ,તા.૨૮

રાષ્ટ્રના ૭૭માં પ્રજાસત્તાક દિનની માહી મિલ્ક પ્રોડ્યૂસર ઓર્ગેનાઇઝેશન દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વિવિધ જિલ્લાઓમાં આવેલી સંસ્થાની કચેરીઓ ખાતે તેમજ ગ્રામ્ય કક્ષાએ પણ કર્મચારીઓ, સહાયકો, દૂધ ઉત્પાદકો વગેરેએ દેશની આન, બાન અને શાન સમા તિરંગાને સલામી આપી, રાષ્ટ્ર પ્રત્યેની તેમની ફરજ અદા કરી હતી. માહી ડેરીના ચીફ એકિઝક્યુટીવ આલોકકુમાર ગુપ્તાની આગેવાની હેઠળ રાજકોટ કચેરીના કર્મચારીઓએ પણ ખંઢેરી ખાતે આવેલી માહી કેટલફીડ ફેકટરીના વિશાળ મેદાનમાં તિરંગાને સલામી આપી હતી.

આ પ્રસંગે માહી મિલ્ક પ્રોડ્યૂસર ઓર્ગેનાઇઝેશનના ચીફ એક્ઝિક્યુટીવ આલોકકુમાર ગુપ્તાએ દેશના વિકાસ પામી રહેલા અર્થતંત્ર વિશે માહિતી આપી, માહી એમપીઓના વિઝન, મિશન અને વેલ્યૂને ધ્યાન પર રાખીને કર્મચારીઓને મન, વચન અને કર્મથી દૂધ ઉત્પાદકોના આર્થિક અને સામાજિક ઉત્થાનમાં કાર્યરત રહેવા અપીલ કરી હતી. તેમણે તેમના ચાવીરૂપ પ્રવચનમાં ઉદબોધન કરતા કર્મચારીઓને માહી ડેરીના માધ્યમથી ગ્રામીણ વિસ્તારોમાં આર્થિક ઉજાસ ફેલાવી, ગ્રામ્ય અર્થતંત્રને ધબકતુ રાખી, અમીરો અને ગરીબો વચ્ચેની આર્થિક અસમાનતા દૂર કરવાના કાર્યમાં લાગી જવા હાકલ કરી હતી. તેમણે માહીના સભાસદો, સહાયકો, ટ્રાન્સપોર્ટરો, કર્મચારીઓ સહિત સંસ્થા સાથે જોડાયેલા તમામ લોકોને પ્રજાસત્તાક દિનની તેમણે શુભેચ્છા પાઠવી હતી. સંસ્થાની વિવિધ જિલ્લા કચેરીઓ ખાતે પણ કચેરીના પ્રાંગણમાં કર્મચારીઓએ તિરંગાને આન, બાન અને શાન સાથે સલામી આપી હતી.

# લોકભારતી સણોસરામાં હેલિપેડ બનાવાયું મોરારિબાપુના આગમન સાથે થયું મુહૂર્ત

**કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીનીઓ દ્વારા થઈ પથ વંદના**



તસવીર : મુકેશ પંડીત

ભાવનગર,તા.૨૮

લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરામાં મોરારિબાપુના આગમન સાથે ચોપર ઉતરાણ સ્થાન (હેલિપેડ) મુહૂર્ત થયું છે. અહીંયા કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીનીઓ દ્વારા પૂજન વંદના કરાઈ હતી.

ગોહિલવાડની સુપ્રસિદ્ધ લોકભારતી ગ્રામવિદ્યાપીઠમાં યોગાનુયોગ સંજોગોમાં મોરારિબાપુના હવાઈ યાત્રાના આગમન સાથે ચોપર ઉતરાણ સ્થાનનું મુહૂર્ત થઈ ગયું. સંસ્થાના વડા અરુણભાઈ દવે, રામચંદ્રભાઈ પંચોળી, હસમુખભાઈ દેવમુરારિ, રાજેન્દ્રભાઈ ખીમાણી, કાંતિભાઈ ગોઠી સહિત કાર્યકર્તા પરિવાર દ્વારા મોરારિબાપુનું ભાવ અભિવાદન થયું. અહીંયા કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વસ્તિક પૂજન વડે આ ઉતરાણ સ્થાનની વંદના થઈ હતી અને મોરારિબાપુએ પ્રસન્નતા વ્યક્ત કરેલ. અગાઉ કોઈ નિર્ધારિત આયોજન સિવાય યોગાનુયોગ આ દિવસ એટલે પ્રજાસત્તાક પર્વ, સંસ્થાના વડા અરુણભાઈ દવેનો જન્મદિવસ અને ઓચિંતા જ હવાઈ માર્ગે મોરારિબાપુના આગમનનો પ્રસંગ લોકભારતી માટે વિશેષ સ્મૃતિરૂપ બની રહેશે.

સંસ્થા પરિવારના વિશાલભાઈ ભાદાણી, ગિરીશભાઈ દવે, નીતિનભાઈ ભીંગરાડિયા, જયવંતસિંહ ગોહિલ, નિગમભાઈ શુક્લ, ભૌતિકભાઈ લીંબાણી, દિનુભાઈ ચુડાસમા, રેખાબેન વ્યાસ, રમાબેન દેવમુરારિ, અર્ચનાબેન દવે વગેરે જોડાયાં હતાં.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)